R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-24 • ISSUE: 10 DATE: 07-03-2015• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## વિદેશોમાંથી ફંડ મેળવતા એનજીઓ પર કેન્દ્ર સરકારનો પ્રતિબંધ

તાજેતરમાં લોકસભામાં જુનીયર હોમ મિનિસ્ટરનો હલાવો સંભાળતા કિરણ રીજજુએ માહીતી આપતાં જણાવ્યું હતું કે સરકારે વિદેશી ફંડ મેળવનાર ૬૯ એનજીઓ પર પ્રતિબંધ મુક્યો છે.તેમણે જણાવ્યું હતું કે વિદેશી ફંડ મેળવવા પર જે એનજીઓ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે તેમાં આંધ્રપ્રદેશના ૧૪,તામીલનાડુંના ૧૨, ગુજરાત અને ઓડીસાના પાંચ પાંચ,ઉત્તર પ્રદેશ,જમ્મુ કાશ્મીર અને કેરળના ચાર ચાર તથા દિલ્હીના ત્રણ એનજીઓનો સમાવેશ થાય છે.

જુલાઈ ૨૦૧૪માં નવી આવેલી મોદી સરકારે જેમના વિશે ગુપ્તચર વિભાગે ખરાબ રીપોર્ટ આપ્યા હતા તેમને મળતા વિદેશી ફંડ પર ચાંપતી નજર રાખવાનું નક્કી કર્યું હતું.ત્યારપછીથી સરકારે ગ્રીનપીસ ફાઉન્ડેશન અને ક્લાઈમેટ વર્કસ ફાઉન્ડેશન પર નજર રાખી હતી. અને આ સંસ્થાઓ માટે ભારતમાં કોઈ ફંડ લાવવામાં આવે એ પહેલાં ગૃહમંત્રાલયની અનુમતિ લેવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું હતું.આઈબીના રીપોર્ટમાં એવો આરોપ હતો કે આ સંગઠનોએ કેટલાક વિરોધને ટેકો આપતાં ભારતના જીડીપીમાં ૨ થી ૩ ટકાનું નુકશાન થયું હતું.આવા એનજીઓમાં ગ્રીનપીસ ઈન્ડીયા,કોર્ડેઈડ, એમ્નેસ્ટી અને એકશન એઈડ વગેરે સામેલ છે. આ સંગઠનો દ્વારા પીયુસીએલ અને નર્મદા બચાવો આંદોલને વેગ મળ્યો હતો.ભારતમાં એનજીઓ દ્વારા રુ.૧૦૦૦૦કરોડથી વધુ ફંડ ૧૫૦ જેટલા દેશોમાંથી મેળવવામાં આવતું હતું.જેનો ઉપયોગ ભારતમાં એન્ટી જીએમ ઓર્ગેનીઝમ્સનો વિરોધ કરવા માટે થતો હતો.

રીપોર્ટ પ્રમાણે કેટલાંક એનજીઓ દ્વારા વિશાળ નિર્માણ કાર્યોમાં પણ વિરોધ પ્રદર્શનોને સમર્થન આપીને અવરોધ સર્જવામાં આવતો હતો.જો કે સરકાર સામે ભુતકાળમાં વિરોધમાં ઉતરેલી એનજીઓને હવે સરકાર સકંજામાં ફંડ બાબતે લઈ રહી છે તેવું એનજીઓનો પ્રત્યાઘાત છે.

## રાજ્યસભામાં મતવિભાજનમાં સરકારની હાર

લોકસભાની ચુંટણીમાં ભારે બહુમતીથી ચુંટાઈ આવેલ ભારતીય જનતા પાર્ટીને જબરજસ્ત ધક્કો લાગ્યો હતો.રાજયસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણમાં ભ્રષ્ટાચાર અને કાળા નાણાંના મુદ્દે વિપક્ષે આભાર પ્રસ્તાવમાં એક સુધારો રજુ કર્યો હતો.જે પસાર થઈ જતાં સરકાર ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગઈ હતી.

સીપીઆઈ-એમના સીતારામ યેચુરી અને પી.રાજીવે સુધારો રજુ કર્યો હતો જે અંગે મતવિભાજન થતાં ૧૧૮ વિરુધ્ધ ૫૭ મતે સુધારો પસાર થઈ ગયો હતો. આમ સરકારને હવે કોઈપણ ખરડા અંગે જયારે રાજસભામાં તેને મુકવામાં આવે ત્યારે તે પસાર થાય કે નહી તેની દ્વિધા રહેશે. કારણકે રાજસભામાં ભારતીય જનતા પાર્ટીના સાંસદોની બહુમતી નથી અને તેથી વિરોધપક્ષો સત્તાધારી પક્ષને બરાબર સકંજામાં લઈ શકે છે.

## રાષ્ટ્રપતિએ એનિમલ પ્રિઝર્વેશન (એમેન્ડમેન્ટ)બીલ ૧૯૯૫ ને મંજુરી આપતાં મહારાષ્ટ્રમાં ગૌમાંસ પર પ્રતિબંધ મુકાયો

ભાજપ-શિવસેનાના વર્ષ ૧૯૯૫ના શાસન દરમિયાન મહારાષ્ટ્ર વિધાનસભામાં મહારાષ્ટ્ર એનિમલ પ્રિઝર્વેશન(એમેન્ડમેન્ટ)બિલ પસાર કરવામાં આવ્યું હતું અને તેને રાષ્ટ્રપતિની મંજુરી માટે મોકલી આપવામાં આવ્યું હતું.લગભગ ૧૯ વર્ષ બાદ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીએ તેને મંજુરી આપતાં હવે મહારાષ્ટ્રમાં ગૌમાંસ મળશે નહી.અગાઉ મહારાષ્ટ્રમાં એનિમલ પ્રિઝર્વેશન એકટ,૧૯૭૬ હેઠળ રાજ્યમાં ગૌહત્યા પર પ્રતિબંધ મુકાયો હતો. પરંતુ હવે નવા કાયદામાં બળદ અને પાડાની કતલ પર પ્રતિબંધ મુકાયો છે.જેની અગાઉ કતલ માટે પ્રમાણપત્ર દ્વારા છુટ આપવામાં આવતી હતી.

જો કે નવા કાયદામાં ભેસની કતલ માટે છુટ છે.જે સામાન્યપણે હલકી ગુણવત્તાના માંસ તરીકે જોવાતા કેરાબીફ પુરુ પાડે છે.અને રાજ્યમાં ગૌમાંસની કુલ બજારમાં તેના માત્ર ૨૫ ટકા હિસ્સો છે.ગૌમાંસના વેપારીઓના દાવા મુજબ આ કાયદાથી હજારો લોકો બેકાર બનશે એટલું જનહીં પરંતુ રાજ્યમાં અન્ય માંસના ભાવો વધી જશે.મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે ટ્વિટ કરી હતી કે મહારાષ્ટ્ર એનીમલ પ્રિઝર્વેશન બિલને મંજુરી આપવા બદલ તેઓએ રાષ્ટ્રપતિનો આભાર માન્યો હતો.ગૌહત્યા પર પ્રતિબંધનું અમારુ સ્વપ્ન હવે વાસ્તવિકતા બન્યું છે.ભાજપના સાંસદ કીરીટ સૌમેયાએ જણાવ્યું હતું કે આ એક એવું ઐતિહાસિક પગલું છે જે રાજ્ય માટે આર્થિક તેમજ સાંસ્કૃતિક પરિણામો ધરાવે છે.

મુંબઈ સબર્બન બીફ ડીલર એસોસીએશનના પ્રમુખ મોહમંદ કુરેશીએ જણાવ્યું હતું કે લોકો બેરોજગાર બનવા ઉપરાં,તત્કાળ અન્ય માંસના ભાવમાં ઉછાળો આવશે.લોકોને તે તરફ ફરવાની ફરજ પડશે. જ્યારે ઓલ ઈન્ડીયા જમિઅતલુક કુરેશીના હોદ્દેદાર,આરીફ ચૌધરીએ કહ્યું હતું કે આ કાયદાને કોઈ પણ રીતે અમે પડકારી શકીએ કે નહીં તે વિશે સલાહમસલત કરી રહ્યા છીએ.ગૌમાંસના વેપારીઓને અસર થઈ છે.પરંતુ સૌથી વધુ અસર કિસાનોને થશે.માંસ માટે અમને અગાઉ વેચી દેતા વૃધ્ધ અને દુર્બળ જાનવરોની કોણ કાળજી રાખશે ?સાંગલીના ગોમાંસના વેપારી રાજેન્દ્ર ઢેડેએ કહ્યું હતું કે તાજેતરમાં એક સરકારી અહેવાલમાં રાજ્યમાં ઘાસચારાની ૬૧ટકા અછત હોવાનું જણાવાયું છે.વૃધ્ધ અને દુર્બળ જાનવરોની કતલ પર પ્રતિબંધ મુકીને સરકાર તંદુરસ્ત જાનવરો અને કિસાનો સાથે ગંભીર અન્યાય કરી રહી છે.

મહારાષ્ટ્રમાં હવેથી ગૌમાંસનું સેવન કરવું અપરાધ ગણાશે અને તેના માટે દંડ અને જેલની સજા થશે.કોઈની પાસેથી ગૌમાંસ પકડાશે કે ખાતો હશે તો તેને દસ હજાર રુપીયાનો દંડ અને પાંચ વર્ષની જેલની સજા થશે.ભારતીય જનતા પાર્ટીના સાંસદ કીરીટ સોમૈયાના નેતૃત્વમાં સાંત સાંસદોનુ એક પ્રતિનિધિ મેડળ તાજેતરમાં નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિને મળ્યું હતું અને તેમણે આ ખરડા પર સહી કરવા વિનંતી કરી હતી.આમ વર્ષોથી પડતર રહેલા ગૌમાંસ નિષેધક ધારાને રાષ્ટ્રપતિએ મંજુરી આપી દીધી હતી.આમ મહારાષ્ટ્રમાં ગૌમાસ માટે સૌથી વધુ કડક કાયદો લદાઈ ગયો છે.

## રેશનીંગના નિયમોમાં ફેરફાર કરાતાં ઓલ ઇન્ડીયા ફેર પ્રાઇઝ શોપ ડીલર્સ એસોસીએશને સરકાર સામે જંગે

મહારાષ્ટ્રની ભાજપ સરકારે રેશનિંગના કાયદામાં કરેલા ફેરફારનો વિરોધ કરવા તેમજ વેપારીઓની લાંબા સમયથી પુરી ન થતી માંગણીઓ પ્રત્યે સરકાર લક્ષ્ય આપે માટે મુંબઈના આઝાદ મેદાનમાં ઓલ ઈન્ડીયા ફેર પ્રાઈઝ શોપ ડીલર્સ ફેડરેશનના અધ્યક્ષ પ્રહલાદ મોદીએ સરકાર સામે પોતાનો વિરોધ દર્શાવ્યો હતો.તેઓ સગાઈને નાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ થાય છે.પ્રહલાદ મોદીએ ભાજપના અબોવ પ્રોવર્ટી લાઈનને આપવામાં આવતા અનાજ બંધ કરવાના નિર્ણય સામે પોતાનો વિરોધ નોધાવ્યો હતો.એ ઉપરાંત રેશનીંગના દુકાનદારોની અનેક માંગણીઓ સરકાર પુરી કરે એ ાટે હજારો લોકો સાથે ભાજપ સરકાર વિરુધ્ધ આંદોલન ચલાવ્યું હતું. એપીએલ ગ્રાહકોને અનાજ આપવાનું બંધ થતાં રેશનીંગના દુકાનદારો સાથે તેઓ માથાકુટ કરે છે.આ સિવાય રેશનીંગના દુકાનદારોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.તેમજ દુકાનદારોને અપાતું કમીશન પણ બંધ કરી દેવાયું છે.અને પુરતુ અનાજ પણ આપવામાં આવતું નથી.

પ્રહલાદ મોદીએ ભારતીય જનતા સરકારને ચીમકી આપી છે કે ઉત્તર પ્રદેશ અને બિહારમાં ચુંટણી વખતે ભાજપ સરકારને પીછેહઠ કરવી પડે છે અને તેનું કારણ સસ્તા અનાજના વેપારીઓની અવગણના.જાહેર વિતરણ વ્યવસ્થાના દુકાન માલિકોની સરકાર પુરતી કાળજ ન લે તો સરકાર માટે પરિણામો વિરુધ્ધમાં આવી શકે તેમ છે.પ્રહલાદ મોદી સસ્તા અનાજના વેપારીઓ માટે કાર્યરત ઓલ ઈન્ડીયા ફેર પ્રાઈસ શોપ ડિલર્સ ફેડરેશનના વાઈસ પ્રેસિડેન્ટ છે.તેમણે કહ્યુ હતું કે તેમની સંસ્થાએ લોકસભાની ચુંટણીમાં ભાજપ માટે મતબેંક ઉભી કરવામાં જરુરી ભુમિકા ભજવી હતી.એજ સંસ્થા સસ્તા અનાજના દુકાનદારોની અવગણના કરે તો તેઓ યુપી અને બિહારમાં તેઓ ઉલ્ટુ પરિણામ લાવી શકે તેમ છે.જો સરકાર આ ક્ષેત્રને લક્ષમાં નહી લે તો બિહારમા ૭૦૦૦૦ જેટલી સસ્તા અનાજની દુકાનો અને ઉત્તર પ્રદેશમાં ૭૫૦૦૦ જેટલી દુકાનો છે જેના માલિકો ચુંટણીમાં સહકાર આપશે નહી. મોદીએ કહ્યુ કે અમે રેશન વેચીએ છીએ અનો લોકોની આત્મીયતા ખરીદીએ છીએ.સસ્તા અનાજની દુકાનનો માલિક આસપાસમાં એક પારિવારિક સભ્ય ગણાતો હોય છે.તેઓ મહિલાઓ સાથે સંકળાયેલા હોય છે.તેથી તેઓનું માનસને બદલવું એ બે મિનિટનું કામ છે.સસ્તા અનાજની દુકાન ચલાવતા ડીલર્સ કમિશનમાં વધારો અને પ્રતિ ડીલર ૧૦૦૦ કાર્ડ હોલ્ડર્સની ખાતરી માંગી રહ્યા છે.જેથી કેન્દ્ર સરકાર તેમની આ માંગો પુરી કરે તેવો આગ્રહ તેઓ કરી રહ્યા છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

આઝાદી બાદ સહુ પ્રથમ વાર જમ્મુ કાશ્મીરમાં ભારતીય જનતા પાર્ટીએ પીડીપી સાથે જોડાણ કરીને સંયુક્ત રીતે સરકાર રચવાના સપનાને સાકાર કર્યુ છે.જ્યાં સુધી સિધ્ધાન્તો અને નૈતિકતાના મુલ્યોને સબંધ છે ત્યાં સુધી આ રાજકીય સબંધ બાંધવો લગભગ અશક્ય હતો. પરંતુ ભાજપે સત્તા મેળવવા માટે બધા જ ઉપાયો આચરીને પીડીપીને મનાવીને સત્તામાં ભાગીદારી નોધાવી દીધી.ખેર, સત્તા માટે ભાજપે જે રીતે સમાધાન કર્યું છે તે જોતાં તેને કોઈપણ કક્ષાએ ઉતરવામાં નાનમ લાગતી નથી એ સાબિત કરી દીધું છે.

પીડીપીના નેતા મુફતી મોહમંદ સઈદે જમ્મુ કાશ્મીરના ૧૨માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.જમ્મુના જોરાવર સ્ટેડીય ખાતે આયોજીત સમારોહમાં રાજ્યપાલ વોરાએ મુખ્યમંત્રી સહિત પીડીપીના ૧૨ અને ભાજપના ૧૨ મંત્રીઓને શપથ લેવડાવ્યા હતા.આ પ્રસંગે વડાપ્રધાન મોદી,ભાજપના અધ્યક્ષ અમિત શાહ,મહાસચિવ રામમાધવ,એલ.કે.અડવાણી,મુરલી મનોહર જોષી વિગેરે હાજર રહ્યા હતા.જમ્મુ કાશ્મીરમાં સહુ પ્રથમ વાર ભાજપ સરકારનો હિસ્સો બન્યો હતો.તેથી તેમના માટે ઐતિહાસિક દિવસ હતો.

ખેર,આ ગઠબંધન જમ્મુ કાશ્મીરમાં શાંતિનું વાતાવરણ પેદા કરી શકે અને લોકોને સુખ ચૈનનો અહેસાસ કરાવી શકે તો કાશ્મીરની જનતાનું ભલુ કર્યું લેખાશે.જો કે આ ગઠબંધન બેઉ પક્ષો માટે તકલીફો પેદા કરે તેનું દેખાઈ રહ્યં છે.કેટલો વખત ચાલી શકે છે તે તો આવનાર સમય જ બતાવશે.

આ ગઠબંધનની સરકાર સહુ પ્રથમ રાજ્યની સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરશે. રાજ્યમાં લાગુ થતાં તમામ વિશેષ કાયદાઓની જરુરીયાત પર પણ સમીક્ષા કરશે. જો કે આર્ટીકલ ૩૭૦ અંગેની તમામ બંધારણીય જોગવાઈઓ પર યથા સ્થિતિ જાળવી રખાશે.એલઓસી પર શાંતિ જળવાય માટે તેઓએ પ્રયત્ન કરવાના રહેશે.અલગતાવાદી પરિબળો આ ગઠબંધનને કેટલી શાંતિથી રાજ કરવા દે છે તે પણ જોવું પડશે.

હજુ સરકાર રચાયાને ગણત્રીના કલાકોમાં જ વિવાદોની શરુઆત થઈ ગઈ.પીડીપીના આઠ ધારાસભ્યોએ મોદી સરકાર સમક્ષ અફઝલના અસ્થિ સોપવા માટે માગણી કરી.આ ઉપરાંત મુખ્યમંત્રી બનેલા સઈદે રાજ્યમાં ચુંટણી પાકિસ્તાન અને હુર્રિયત અને આંતકવાદીઓને કારણે શક્ય બની હોવાનું કહીને વિવાદ ચગાવ્યો.

હવે ભાજપની કફોડી સ્થિતિ થઈ છે.પીડીપી સતત કહેતી આવી છે કે અફઝલ ગુરુને ફાંસી આપવાની વાત એ ન્યાય સાથે મજાક સમાન હતી. અને તે ગેરબંધારણીય હતી.તેને ફાંસી આપવામાં યોગ્ય પ્રક્રિયા અપનાવવામાં આવી ન હતી.હવે ભાજપને સંસદ પર હુમલાના ગુનેગાર અફઝલ ગુરુના અસ્થિઓ સોપવા કે નહી તે ગંભીર બાબતનો સામનો કરવો પડશે.ભાજપના ટેકાથી મુખ્યમંત્રી બનેલા જો એમ કહેતા હોય કે કાશ્મીરમાં ચુંટણી માટે સરહદ પારના લોકો(પાકિસ્તાન)ત્રાસવાદીઓ, હુર્રિયતના નેતાઓએ રાજ્યમાં વિધાનસભાની ચુંટણીઓ માટે સાનુકુલ માહોલ સજર્યો હતો. તો ગઠબંધનમાં જોડાયેલ ભાજપની ઈમેજ ખરાબ કરતી બાબત છે.સાપે છછુંદર ગળ્યા જેવી પરિસ્થિતિ ભાજપની છે.સત્તા માટે કરેલ બાધછોડ તેમને માટે ભારે ઉપાસણ કરી રહી છે.પીડીપી ભાજપની ઈચ્છાઓને બર આવવા દેશે નહી પણ ભાજપે સત્તા માટે પીડીપીની ઈચ્છાને કેટલું માન આપવું પડશે તે જોવું રહ્યું.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.300

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## છત્તીસગઢમાં સરકારી કર્મચારીઓને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘમાં જોડાવાની છુટ અપાઇ

છત્તીસગઢ રાજયમાં હાલમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે.સરકારે રાજયના કોઈપણ કર્મચારીને રાષ્ટીય સ્વયં સેવક સંઘમાં જોડાવાની છુટ આપી દીધી છે.નિયમ મુજબ કોઈ પણ સરકારી કર્મચારી હોદા પર હોય ત્યાં સુધી કોઈ પણ રાજકીય બાબતોમાં ભાગ નથી લઈ શકતો.નિયમ કહે છે કે 'કોઈ પણ સરકારી કર્મચારી રાજકારણ સાથે સંકળાયેલી પાર્ટી અથવા તો રાજકારણમાં ભાગ લેતા સંગઠનમાં જોડાઈ શકે નહી '

જો કે વિપક્ષો આ નિર્ણયનો લોકશાહીને નુકશાન પહોચાડનારો ગણાવ્યો હતો.સરકાર બચાવ કરતાં કહે છે કે આરએસએસ એ કોઈ રાજકીય સંગઠન નહી પણ સામાજિક સંગઠન છે.મધ્ય પ્રદેશમાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને તેણે પણ તેના કર્મચારીઓ માટે આ છુટ આપી છે.

## આખરે જગમોહન દાલમીયા બીસીસીઆઇના અધ્યક્ષપદે

૧૯૯૬માં ભારત-પાકિસ્તાન અને શ્રીલંકામાં સંયુકત રીતે રમાયેલ વર્લ્ડ કપ વખતે જગમોહન દાલમીયાએ રુ ૩ કરોડની નાણાકીય ગોલમાલ કરી હોવાનો તેમના પર આક્ષેપ કરવામાં આવ્યો હતો.૨૦૦૬માં તેમના પર બીસીસીઆઈમાં પ્રતિબંધ મુકાયો હતો.૨૦૦૮માં મુંબઈ પોલીસે તેમની ધરપકડ પણ કરી હતી.જો કે તેઓ જામીન પર છુટી ગયા હતા.સુપ્રીમમાં તેમની વિરુધ્ધ કોઈ પુરાવા ન આપી શકવાને કારણે તેઓ આરોપમુક્ત થયા હતા.

હવે એક દશકથી વધારે સમય બીસીસીઆઈથી દુર થયા બાદ ફરીથી તેઓ આ અધ્યક્ષ પદે બિરાજશે તેમાં કોઈ શંકા નથી.અન્યો અધ્યક્ષપદની રેસમાં હતા પરંતુ સભ્યોનું સમર્થન ન મળતા તેઓ બહાર થઈ હતા.બીસીસીઆઈને વિશ્વનું સૌથી અમીર બોર્ડ બનાવવામાં તેમની ભુમિકા અગ્ર સ્થાને રહી હતી.

## એમનેસ્ટી ઇન્ટરનેશનલનો રીપોર્ટ જણાવે છે કે મોદીના શાસનમાં કોમી હિંસાનો વધારો થયો

માનવાધિકાર સમુહ- એમનેસ્ટી ઈન્ટરનેશનલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરતાં જણાવ્યુ હતું કે ભારતમાં નવા શાસનમાં સાંપ્રદાયિક હિંસા વધી છે.અને જમીન સંપાદન વડહુકમથી હજારો ભારતીયોને જબરજસ્તીથી વિસ્થાપિત થવું પડે તેમ છે,તેવું જોખમ સર્જાયું છે.

પોતાના વાર્ષિક રીપોર્ટ-૨૦૧૫માં એમનેસ્ટીએ મે-૨૦૧૪ની સામાન્ય ચુંટણી અંગે હિંસા,કોમી રમખાણો અને કોર્પોરેટ પરિયોજનાઓ પર સલાહસુચનમાં નિષ્ફળતાને મુખ્ય ચિંતાઓ તરીકે રેખાંકિત કરી હતી.રીપોર્ટમાં જણાવાયું હતુંકે મે મહિનામાં સામાન્ય ચુંટણી પછી ભાજપના નેતૃત્વવાળી સરકાર સત્તામાં આવી હતી. સુશાસન અને વિકાસના વચનો આપનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરીબીમાં જીવતા લોકો માટે નાણાંકીય સેવી પહોંચ અને સ્વચ્છતા વધારવા અંગે પ્રતિબધ્ધતા દર્શાવી હતી.

એમનેસ્ટીએ પોતાના રીપોર્ટમાં કહ્યું છે કે સરકારે કોર્પોરેટ સાથે સંકળાયેલી પરિયોજનાઓ અંગે પ્રભાવિત સમુદાયો સાથે વિચાર વિમર્શની આવશ્યકતાઓ ઓછી કરવાની દિશામાં પગલાં લીધા. અધિકારી સતત લોકોની પ્રાઈવસી તથા અભિવ્યક્તિના અધિકારનું ઉલ્લંઘન કરી રહ્યા છે.ઉત્તર પ્રદેશ અને અન્ય કેટલાંક રાજ્યોમાં સાંપ્રદાયિક હિંસામાં વધારો થયો તથા ભ્રષ્ટાચાર,જાતિ આધારિત ભેદભાવ,જાતિગત હિંસા ફેલાયેલી છે. સાંપ્રદાયિક હિંસાનો હવાલો આપતાં તેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ચુંટણી પહેલાં ઉત્તર પ્રદેશમાં ભડકેલી કોમી હિંસાની ઘટનાઓથી હિન્દુ અને મુસ્લીમ સમુદાયો વચ્ચે તણાવ વધ્યો.તેના માટે નેતાઓ જવાબદાર છે.અને કેટલાક કિસ્સાઓમાં ઉશ્કેરણીજનક ભાષણો માટે ગુનાહિત કેસો નોધાયા. ડિસેમ્બરમાં, હિંન્દુ જુથો પર અનેક મુસ્લીમ અને ખ્રિસ્તીઓને જબરજસ્તીથી હિંદુ બનાવવાનો આરોપ લાગ્યો હતો.

## યૌવન

ટ્રેન કે બસમાં મુસાફરી કરીએ ત્યારે કે પછી અન્ય સ્થળોએ અવનવા વ્યક્તિઓ સાથે મિત્રતા થઈ જતી હોય છે.એથીયે વહેલી મિત્રતા ફળિયાના યુવાનો સાથે થઈ જતી હોય છે. અને જોત જોતામાં એક મોસ મોટુ જુથ બની જાય છે. એ ત્યારબાદ મનગમતી જગ્યાએ બેસી મિત્રો વચ્ચે અવનવી વાતોની મહેફીલ ચાલ્યા કરે. આમ રોજિંદુ પુનરાવર્તન થતું રહે પણ આવા જુથમાં રહીને આપણે ઊંડો વિચાર કરવો પણ જરુરી છે કે મારો મિત્ર મને સાચા માર્ગે દોરે છે કે પછી ગેરમાર્ગે દોરે છે કારણ, હકારાત્મક કરતાં નકારાત્મક વિચાર કરનાર મિત્રો આજે દુનિયામાં ઘણાં છે.

એક યુવાન રંગીન મિજાજનો ફળિયાના મિત્રો જ્યાં જાય ત્યાં તે પણ ઉપડી જતો. જેમકે બર્થડે પાર્ટી, લગ્ન પાર્ટી,ફિલ્મ જોવા વિગેરે. પરિણામે કુટેવોનો ભોગ બન્યો.તબીયતમાં ગોટાળા થવા લાગ્યા.પરંતુ થોડા સમય બાદ તેની તબિયત સુધરી તો ગઈ પણ પોતાનું મન ક્યાં માને ? ફરી વ્યસનમાં ડુબ્યો. આમ વારંવાર કુટેવનું પુનરાવર્તન થતું રહેતું આથી એક દિવસ તેની પત્ની કંટાળી ગઈ અને તેને છોડી પિયરે જતી રહી. તેના પિતા પણ દારુના રવાડે હતા. તેથી પેલા યુવાન તરફ ધ્યાન ન આપે. મા એ પોતાનું ઘર છોડી બીજુ ઘર કર્યું. સમય જતાં યુવાનની બિમારીએ વધુ જોર પકડ્યું,અને તે ટીબી જેવા મહારોગમાં સપડાઈ ગયો. ધીરે ધીરે તેનું મિત્રમંડળ પણ વિખરાતં ગયું. બીજી બાજુ યુવાનની બિમારી દિવસે ને દિવસે વધતી જતી હતી. આથી તે યુવાનની બાજુમાં રહેતા પ્રેમાળ અને સેવાભાવી સ્વભાવના એક વ્યક્તિએ બીજા ત્રણેક વ્યક્તિઓની મદદથી દવાખાનામાં દાખલ કર્યો.આજે તે યુવાન દવાખાનામાં પથારીવશ થઈ મૃત્યુ અને જીવનની વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે.અને ટી.બી જેવા મહારોગનો સામને કરી રહ્યો છે.

આગળ જણાવ્યું તેમ આપણા મિત્રો આપણને સાચા માર્ગે દોરે છે કે પછી ગેરમાર્ગે દોરે છે તેનો આપણે ઉંડો વિચાર કરવો પણ જરુરી છે. ક્યારેક કયારેક આપણા જીવનમાં ક્યા માર્ગે ડગલા ભરીએ છીએ તે આપણને ખબર હોતી નથી પણ જ્યારે ચાલતા ચાલતાં ઠોકર ખાઈ પડી જઈએ ત્યારે જ ભાન થાય કે જીવનના ક્યા માર્ગે ચાલી રહ્યા છીએ.

-મથુર વસાવા. સેન્ટ જોસેફ હાઈસ્કુલ, ઊના, જિ.ગીર.સોમનાથ

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

## ધર્માંતરણથી ફરી હિંદુ બનેલાને અનામતના લાભ આપો : સુપ્રીમ કોર્ટ

દેશભરમાં કેટલાક હિંદુ સંગઠનો દ્વારા હાથ ધરવામાં આવેલા ઘરવાપસીના કાર્યક્રમોએ વિવાદ સર્જ્યો છે.ત્યારે એક મહત્વના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે એવું ઠરાવ્યું છે કે જે વ્યક્તિ ખ્રિસ્તીમાંથી ધર્માંતરણ કરીને ફરી હિંદુ ધર્મ અપનાવે તેમના વડવાઓ જો શિડ્યુલ કાસ્ટના હોય અને ધર્માંતરણ પછી સમાજે તેમને ફરી અપનાવેલા હોય તો આવા હિંદુઓને અનામત ક્વોટામાં લાભ મળવા જોઇએ. ફક્ત ખ્રિસ્તી માતાપિતાના ઘરે જન્મ્યા હોય કે તેમના જીવનસાથી ખ્રિસ્તી હોય તેને કારણે તેઓ અનામતના લાભથી વંચિત રહી શકે નહી.આવા લાભ મેળવવા તેઓ શિડ્યુલ કાસ્ટનું પ્રતિનિધિત્વ કરે છે. તેણે વડવાઓ પહેલા જે ધર્મના હતા તે અસલ ધર્મને ધર્માંતરણ પછી અપનાવ્યો છે. ધર્માંતરણ પછી હિંદુ સમાજ દ્વારા તેમને અપનાવવામાં આવ્યા છે તેવું સાબિત કરવું પડશે.

## ચુંટણી કાર્ડને આધાર કાર્ડ સાથે સાંકળવામાં આવશે : ચુંટણી પંચ

ચુંટણી પંચે નિર્ણય કર્યો છે કે મતદાર ફોટો ઓળખકાર્ડના ડેટાને આધારકાર્ડના ડેટા સાથે અધિકૃત રીતે સાંકળી લેવાશે.આધારકાર્ડ ન કઢાવેલું હોય તેવા કિસ્સામાં પાસપોર્ટ, પાનકાર્ડ,ડ્રાઇવીંગ લાયસંસ અથવા રાષ્ટ્રીયકૃત બેન્કના ખાતાની પાસબુક પૈકી કોઇપણ એક દસ્તાવેજ સાંકળવામાં આવશે તેમ પંચ દ્વારા જણાવાયું છે.

## મેગલુરમાં સેન્ટ જોસેફ ચર્ચમાં કટ્ટરવાદી પરિબળો દ્વારા તોડફોડ

મેગલુરુના સેન્ટ જોસેફ ચર્ચમાં કેટલાક અજાણ્યા શખ્સોએ હુમલો કરીને તોડફોડ કરી હતી.આ શખ્સોએ પથ્થરો મારીને ચર્ચની બારીઓના કાચ તોડી નાંખ્યા હતા.ડેરાલકટ્ટે ખાતે બનેલી આ ઘટનામાં જો કે મધર મેરી અને બાળ ઇસુની પ્રતિમાઓને કોઇ નુકશાન પહોચ્યું નહોતું.આ બાબતે પોલીસમાં ફરિયાદ નોધાવવામાં આવી હતી. હજુ સુધી હુમલાખોરો અંગેની ભાળ મળી નથી.

હાલમાં ટાઇપીંગ માટે જે કી બોર્ડ વાપરવામાં આવે છે તેની શોધ અને ડીઝાઇન ૧૮૬૮માં ક્રિસ્ટોફર શોલ્સે તૈયાર કરી હતી.

### નવક્રાન્તિ સાપ્તાહિકની માલિકી અને તે અંગેની વિગત

**માહિતી : ફોર્મ નં.૪(જુઓ,રૂલ નં.૮)**

૧.પ્રકાશન સ્થળ : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટીકોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭

૨.પ્રકાશનની સામાયિકતા : સાપ્તાહિક

૩.માલિક,મુદ્રક,પ્રકાશક : રોબિન જે. ધોળકીયા

નાગરીકતા : ભારતીય

સરનામુ : ૨-૧૦,સોનિયા એપાર્ટ, પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭

૪.તંત્રીનુ નામ : રોબિન જે.ધોળકીયા

નાગરીકતા : ભારતીય

સરનામુ : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭

હું રોબિન જે. ધોળકીયા, આથી જાહેર કરુ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ મુજબ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે.

તા.૭-૩-૨૦૧૫ રોબિન જે.ધોળકીયા
સ્થળ:અમદાવાદ. માલિક,મુદ્રક,પ્રકાશક અને તંત્રી.

## અફઘાનિસ્તાનમાં આઠ મહિનાથી અપહૃત ભારતીય ખ્રિસ્તી પાદરી ફાધર એલિક્સીસ પ્રેમકુમાર આખરે મુક્ત થયા

તામિલનાડુના રહેવાસી એલીક્સીસ પ્રેમકુમાર એક સેવાભાવી સંસ્થા જેઆરએસના અફઘાનિસ્તાન ખાતે ડીરેક્ટર તરીકે કામગીરી કરી રહ્યા હતા.આ સ્થળે તેઓ છેલ્લા ત્રણ વર્ષથી કામગીરી સંભાળતા હતા.આઠ મહિના પહેલા તેમનું અપહરણ કરાયું હતું.ગત વર્ષે બીજી જુનના રોજ અફઘાનિસ્તાનના હેરાત માં અજાણ્યા બંધુકધારીઓએ તેમનુ અપહરણ કર્યુ હતું.વિદેશ મંત્રાલયે એ સમયે જણાવ્યું હતું કે પ્રેમ કુમાર એક એનજીઓ સાથે કામ કરી રહ્યા હતા અને તેમનો ભારત સરકાર અને અફઘાનિસ્તાનમાં ભારતીય મિશન કે વાણિજ્ય દુતાવાસ સાથે કોઇ સંપર્ક નહોતો.

વડાપ્રધાન મોદીએ જાહેર કર્યુ હતું કે અફઘાનિસ્તાનમાં અપહૃત ખ્રિસ્તી પાદરી ફાધર એલીક્સીસ પ્રેમ કુમાર મુક્ત થયા છે.તેમણે ટ્વીટ કરતાં જણાવ્યું હતું કે પ્રેમ કુમાર સાથે વાતચીત થઇ છે અને તેમના પરિવારને પણ જાણ કરાઇ છે કે તેઓ આઠ મહિના કેદમાં રહ્યા બાદ પાછા આવી રહ્યા છે.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


## નાલંદા યુની.ના ચાન્સેલર માટેની ઉમેદવારી નોબેલ પુરસ્કાર વિજેતા સેને પાછી ખેંચી

નોબેલ પુરસ્કાર વિજેતા અમર્ત્ય સેને નાલંદા યુની.ના ચાન્સેલર તરીકે બીજી ટર્મ માટેની તેમની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે.આ બાબતે તેમણે સ્પષ્ટતા કરતાં જણાવ્યુ હતું કે નરેન્દ્ર મોદીની સરકાર તેમને આ ખુરશી પર ચાલુ રાખવા માંગતી નથી. તેઓ મોદીના ઘણા લાંબા સમયથી ટીકાકાર રહ્યા છે.સેને જણાવ્યું હતું કે યુની.ના ગર્વનીંગ બોર્ડે મોકલેલા એક પત્રમાં તેમના નામની મંજુરી માટે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી તરફથી મંજુરીમાં વિલંબ થયો છે અને ભલામણ એક મહિના પહેલાં મોકલી દેવાઇ હોવા છતાં સરકારે મંજુરી આપી નથી.

સરકાર દ્વારા કાર્યવાહી ન કરવાનો મતલબ બોર્ડના નિર્ણયને બદલવા માટે સમય વેડફવા જેવો છે કેમકે કામ કરવાની કે નહી કરવાની તાકાત છે.એનો અર્થ તેઓ કાઢે છે કે જુલાઇ પછી ચાન્સેલર તરીકે તેઓ ના રહે.ટેકનીકલી તેમની પાસે તેમ કરવાની સત્તા છે.સરકાર તરફથી થઇ રહેલો વિલંબ આ નિર્ણયો પર અસર પાડી શકે છે.

નાલંદા યુની.ના હિતમાં સેને પોતે નિર્ણય કર્યો કે જુલાઇ પછી તેઓ ચાન્સેલરના હોદ્દા પર નહીં રહે.હવે તેઓ ઉમેદવારીમાંથો પોતાની જાતને ખસેડી લે છે.જો કે ગર્વનિંગ બોર્ડે સર્વસંમતિથી મારા નામની ભલામણ કરી હતી.

## રેલ્વે બજેટમાં સુરક્ષા સબંધી બે હેલ્પલાઇનો શરુ કરાશે

રેલ્વે સ્ટેશનો અને ટ્રેનોમાં બનતી અઘટિત ઘટનાઓ,ગુનાઓ તથા મહિલાઓ સાથે થતાં ગુનાઓ રોકવા માટે રેલ મંત્રાલય દ્વારા જોગવાઇ કરવામાં આવી છે.જેમા રેલવે બજેટમાં બે હેલ્પલાઇનો શરુ કરવામાં આવશે તેવુ જણાવાયું હતું.જેમાં સેવાને લગતી ફરિયાદ તેમજ સુરક્ષા સબધી સેવાઓનો સમાવેશ થાય છે.

૧૩૮ નંબર પર રેલ્વે સેવાને લગતી ખામીઓ અંગે ફરિયાદ કરી શકાશે. જ્યારે ૨૪ બાય ૭ સેવામાં યાત્રી ટેનમાંથી સંપર્ક કરી શકશે. તા.૧ માર્ચથી પ્રાથમિક ધોરણે નોર્ધન રેલવેમાં પાયલટ પ્રોજેક્ટ શરુ થસે. ત્યારબાદ યાત્રીઓનો પ્રતિસાદ મળે વિસ્તરણ કરવામાં આવશે.સુરક્ષા ટોલ સબંધી ફ્રી ટોલ નંબર ૧૮૨ રાખવામાં આવ્યો છ.ખાસ કરીને મહિલા યાત્રીઓની સુરક્ષા માટે આ હેલ્પલાઇન શરુ થઇ છે.નિર્ભયા ફંડમાંથી આ જોગવાઇ કરવામાં આવી છે.

રેલવેમાં સામાન્ય મુસાફરોને પડતી અડચણોમાં સૌથી વધુ અડચણો દૈનિક પાસ વાળા મુસાફરો દ્વારા સામાન્ય જનતા સાથે કરવામાં આવે છે.રેલવેએ તેમના માટે ખાસ ડબ્બા નક્કી કર્યા છે પરંતુ તેઓ સામાન્ય ડબ્બાઓમાં દાદાગીરી કરીને મુસાફરી કરે છે અને સામાન્ય નાગરિકોને પરેશાન કરે છે. રેલ્વેએ આ બાબતે સુધારણા કરવી પડશે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
*યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ*
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# ઇસ્લામની ખોટી વ્યાખ્યા થઇ છે,કહેવાતા ઇસ્લામના રક્ષકો વાસ્તવમાં માનવતાના દુશ્મન બની ગયા છે. : અમેરિકી પ્રમુખ બરાક ઓબામા

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ કહ્યુ છે કે અમેરિકા અને તેના સહયોગીઓની લડાઇ ઇસ્લામ વિરુધ્ધ નહીં પણ એ લોકોની વિરુધ્ધ છે જેમણે ઇસ્લામ ધર્મની ખોટી વ્યાખ્યા કરી છે. ઓબામાએ કહ્યું હતું કે આઇએસઆઇએસ અને અલકાયદા જેવા સંગઠનો ખુદને ધર્મની રક્ષા કરનાર પવિત્ર યોધ્ધા ગણાવે છે જે વાસ્તવિકતા નથી.અને એવું તેઓ એટલા માટે કરે છે કે તેઓ ખુદને યોગ્ય ઠેરવવા માટે બેચન છે.

ઓબામાએ હિંસક કટ્ટરવાદનો મુકાબલો વિષય પર વ્હાઇટ હાઉસમાં આયોજિત શિખર સંમેલનમાં કહ્યું હતું. ‘અમારી લડાઇ ઇસ્લામ સાથે નથી પણ જેમણે ઇસ્લામની ખોટી વ્યાખ્યા કરી છે તેમની વિરુધ્ધ છે.’તેમણે કહ્યું હતું કે આઇએસઆઇએસ ખુદને ઇસ્લામિક સ્ટેટ કહે છે અને દુષ્પ્રચાર કરે છે કે અમેરિકા અને પશ્ચિમી દેશોની લડાઇ ઇસ્લામ સાથે છે.આ પ્રકારે તેઓને પોતાના સંગઠનમાં સામેલ કરે છે. આજ રીતે તેઓ યુવાનોને કટ્ટરબનાવવાની કોશીશ કરે છે. તેમણે કહ્યું હતું કે મુસ્લીમ સમુદાયોની બહારના લોકોએ આતંકવાદીઓની આ વાતો નકારી કાઢવાની જરુર છે કે પશ્ચિમ તેમજ ઇસ્લામ કે આધુનિક જીવન તેમજ ઇસ્લામ પરસ્પર વિરોધી છે.ઓબામાએ ત્રણ દિવસીય સંમેલનના બીજા દિવસે કહ્યુ હતું ‘અમને આતંકીઓની આવી વાતો કોઇપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી. કેમકે તે જુઠ્ઠાણુ છે. આતંકીઓ કોઇ ધાર્મિક નેતાઓ નથી.તેઓ માત્ર આતંકીવાદીઓજ છે’

આ સંમેલનમાં ભારત સહિત વિશ્વના ૬૦ થી વધુ દેશો ભાગ લઇ રહ્યા છે.ઓબામાએ કહ્યું હતું તેઓ દુનિયાભરમાં ફેલાયેલી એવી ખોટી ધારણાઓ પર નિર્ભર છે કે તેઓ મુસ્લીમ આસ્થાના લોકોના હિતમાં બોલે છે. ઇસ્લામમાં હિંસાને સ્થાન નથી અને સભ્યતાઓ વચ્ચેનો આ એક પ્રકારનો ટકરાવ છે.તેમણે કહ્યું હતું કે આતંકવાદીઓ ઇસ્લામનુમ પ્રતિનિધિત્વ કરતા નથી. તેઓ ખરેખર તો પાગલ વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરે છે.જે ઇશ્વરના નામે લોકોની હત્યા કરે છે.આતંકવાદ માટે કોઇ ધર્મ જવાબદાર નથી.તેમણે કહ્યું કે દરેક વ્યક્તિએ સ્પષ્ટ રીતે એ કહેવું પડશે કે ભલે પીડા કોઇપણ હોય, નિર્દોષ લોકોની વિરુધ્ધ હિંસા ક્યારેય સાંખી લેવાશે નહીં.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨


# મહિલા પત્રકારોનુ વિશ્વ સ્તરે કેટલું મહત્વનું છે

મહિલા પત્રકાર વિશે વિચારો. તમારા દિમાગ પર કોની સ્મૃતિ તાજી થઇ ? ઓરિયાના ફેલાસી કે જે સૌથી ખતરનાક જોખમોને પણ માથે ઉઠાવી લેવા માટે જાણીતી છે. એની હિંમતને યાદ કરો કે જ્યારે ઇરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લા ખોમેનીની જબરી ધાક પ્રવર્તતી હતી અને સત્તાના શિખરો પર બિરાજેલા હતા તેવા સમયમાં ઇરાનના આ નેતાનો ઇન્ટરવ્યુ લેતી વખતે મોઢા પર બુરખો ઢાંકવાનો ઓરિયાનાએ ધરાર ઇન્કાર કરી દીધો હતો. એટલુંજ નહી, આયોતોલ્લા ખોમેની તરફથી ઇન્ટરવ્યુ લેતી વખતે આડો પડદો રાખવા તેને ચાદર આપવામાં આવી તેને પણ ઓરીયાનાએ ફગાવી દીધી હતી.અને ઇરાનના આ રુઢીચુસ્ત નેતા સામે મોટો પડકાર ફેકયો હતો.વધુ આશ્ચર્યની વાત તો એ હતી કે તેણે ખોમેનીનો ઇન્ટરવ્યુ લીધો હતો અને પોતાના પાશ્ચાત વેશ પરિધાન સાથે બિન્ધાસ્તપણે ચાલવા માંડ્યુ હતુ. યાદ આવે લંડનના ‘‘ધી ટાઇમ્સ ‘‘ દૈનિક તરફથી પ્રગટ થતા એક સાપ્તાહિકની પત્રકાર ઝાએ હેલરનુ જે દર અઠવાડિયે પ્રગટ થતાં સાપ્તાહિક દ્વારા ફિલ્મ ક્ષેત્રના ટોચના હિરો હિરોઇનો પર આગ ઝરતું લખાણ લખે છે.

ઘરઆંગણે આપણે ત્યાં પણ ફિલ્મ ઉદ્યોગના સિનેતારક - તારિકાઓ વિશે તેજાબી લખાણ લખનાર મહિલા પત્રકાર દેવયાની ચૌબલ છે. તો બીજી બાજુ હાલના દિવસોમાં બેડરુમની પ્રવૃત્તિઓ વિશે ખુલ્લેઆમ લખનાર અતિ આધુનિક વિચારસરણી ધરાવનાર શોભા ડેના નામથી ભારતનુ પત્રકારત્વજગત ભાગ્યેજ અજાણ હશે.

ત્યાર બાદ રાજકારણીઓ માટે કટ્ટર દુશ્મન મનાતી મહિલા પત્રકાર તવલીનસિંહ પણ આપણે ત્યાં મોજુદ છે.પત્રકાર જગતની આ તેજાબી મહિલાઓ તેઓના સ્વભાવની મૃદુતા માટે સહેજપણ જાણીતી નથી. ક્યા પ્રકારની પ્રતિષ્ઠા ઉભરતી જાય છે. ?ચૌબલ ,વાચકોને હીનકક્ષાની અશ્લીલતા પીરસવામાં માને છે.ઝાએ હેલર પોતાની તેજાબી કલમથી ટોચના ફિલ્મ સ્ટારો લેખકો પર ચાબકા વિંઝે છે તો બીજી બાજુ સતત લખતી શોભા ડે અને હંમેશા ઝગડવા માટે તૈયાર એવી તવલીન સિધ છે.

માફ કરજો સર/ મેડમ, આ એક માત્ર કિસ્સો નથી.અને આ વાંચતા પહેલાં કાલા પથ્થરની મહિલા પત્રકાર પરવિન બાબીને ભુલી જજો.વાસ્તવમાં મહિલા પત્રકારોની શાંત બહુમતી ઉપરોક્ત પત્રકારોની ફ્રેમમાં ફીટ થતી નથી.તેઓ અન્ય સામાન્ય મહિલાઓ જેવી જ છે. જે સતત સંઘર્ષ કરીને ઘરની અનેક જવાબદારીઓના બોજા સાથે પોતાની નોકરી પણ કરે છે. અને સફળ ગૃહિણી તરીકે ઉપયોગી જીવન જીવવાનો તનતોડ પ્રયાસ કરે છે. મહિલા પત્રકારો માટે સામાન્ય રીતે એવી છાપ પ્રવર્તતી હોય છે કે તેઓ આક્રમક પત્રકારો છે.

દિલ્હી સ્થિત ‘‘ ધી પાયોનીયર ‘‘ નામના અંગ્રેજી દૈનિકમાં પત્રકાર તરીકે કામ કરતી વી.રાધા કહે છે. ‘ આક્રમકતા અમારા વ્યવસાયની માંગ છે.આ જ દૈનિકમાં જુદા જુદા વિષયો પર લખતી પત્રકાર સી.જયંતિનુ કહેવુ છે કે લોકોને પોતાનુ અસલ સ્થાન બતાવી આપવા અમારે આક્રમક બનવું પડે છે.ઉપરાતં દિલ્હીના ધી સ્ટેટમેન નામના અન્ય અંગ્રેજી દૈનિકની મહિલા પત્રકાર નંદિની ઐયર તેને કાંઇક બીજા જ શબ્દોમાં ઢાળતા કહે છે કે આક્રમકતા યોગ્ય શબ્દ નથી.તે દ્ઢતાપુર્વકની હકારાત્મક આક્રમકતા હોવી જોઇએ અને એ રીતે આપણે આપણા વિચારો રજુ કરવા જોઇએ. ‘

મહિલા પત્રકારોને અનફેમીના ઇન (સ્ત્રીઓ સબંધી ન હોય તેવી) ગણવ ામાં આવે છે કેમકે સ્ત્રીત્વ તો ઘણા લોકોના લાંબા વાળ અને પારંપારિક વસ્ત્ર પરિધાનમાં રહેલુ હોય છે. લોકો મહિલા પત્રકારનોની બોલ્ડનેસ(વિચારોની દ્રઢતા)ની પ્રશંસા કરે છે.જો કે ઘણા લોકો તેઓની વધતી જતી ખ્યાતિની ઇર્ષા પણ કરતા હોય છે.હજુ ઘણા લોકો એવા છે કે જે વ્યવસાયિકવાદ સાથે ઘરેલુ જીવનનો નિર્દેશ કરે છે.તેઓનુ માનવુ છે કે મહિલા પત્રકારોને પોતાના ઘરમાં કુટુંબીજનો અને સાસરીયાઓ સાથે બેસવામાં ઘણો આનંદ આવશે.જો અમે અમારા વ્યવસાયમાં વધુ નામના મેળવીએ તો તેઓ અમારી પ્રશંસા કરશે. તેમ છતાં જો તેઓની પોતાની પુત્રી પત્રકારત્વના વ્યસાયમાં જોડાવા માંગતી હશે તો તેઓ સ્પષ્ટ ના કહી દેશે.અને કહેશે કે પત્રકારત્વનો વ્યવસાય સારો નથી.એમ ‘‘ ધી ટાઇમ્સ ઓફ ઇન્ડીયા ‘‘ના સહતંત્રી સંઘમિત્રા ચક્રવર્તીનુ કહેવું છે. પુરુષપ્રધાન સમાજ દ્વારા અપનાવાતા આ ભયમાં ધોરણોને તમે શુ કહેશો ?એ ગમે તે હોય પરંતુ તેનાથી મહિલા પત્રકારોનો અંત આવશે નહી.

પત્રકારની નોકરીમાં રૂઢિગત બંધનો અને શરમાળ પ્રકૃતિ સહેજપણ ચાલી શકે નહી.મહિલાઓ પત્રકારોને મોટેભાગે સ્ત્રી કરતાં વ્યક્તિ તરીકે વધુ માનવામાં આવે છે. પત્રકારોના વર્તુળમાં તેઓને કોઇપણ જાતના જાતિ ભેદભાવ વિના સહકાર્યકર માનવામાં આવે છે.

‘‘ અમારી સાથે કોઇપણ જાતના જાતિ ભેદભાવ વિના વ્યવહાર કરવામાં આવે છે.એક વખત મોડી રાતે મારા સહકાર્યકર મને ગાડીમાં ઘેર મુકી જવાની ઓફર કરી ત્યારે મને અનુભવ થયો હતો કે હુ સ્ત્રી છું એમ નંદિની ઐયર કહે છે. ‘‘

તેમ છતાં કેટલીકવાર અને પુરુષ પત્રકારો સાથે ટોળે મળીને વાતો કરતાં હોઇએ ત્યારે તેઓ ઇરાદાપુર્વક ભુલી જાય છે કે તેઓની સાથે મહિલા પત્રકારો પણ ઉપસ્થિત છે.અને મર્યાદા બહારના શબ્દો અને રૂઢીપ્રયોગોનો ઉપયોગ કરે છે.તો આ પ્રકારના વાણીવિલાસ પર અંકુશ હોવો જોઇએ.આમ દિલ્હી સ્થિત એક દૈનિકમાં કામ કરતી મહિલા પત્રકાર કહે છે.

‘‘ અમારા પુરુષ સહકાર્યકો કેટલીક વાર એવી વાતો કરતાં હોય છે જે સ્ત્રીઓ માટે અત્યંત ખાનગી બાબતો હોય છે.આ એવી ક્ષણો હોય છે જેને પત્રકારત્વની દુનિયામાં કામ કરતી મહિલા પત્રકારો હંમેશા ટાળવા માંગતી હોય છે. અસાધારણ પ્રકારની વિધિવતતતા સમાચાર કક્ષાના પર્યાવરણની નિશાની છે. જો મજાક મસ્તી કરવાની પધ્ધતિ સમજાવે છે. પરંતુ જ્યારે કોઇ વરિષ્ઠ મહિલા સહકાર્યકરના હાથ નીચે કામ કરવાનો અવસર આવે છે ત્યારે પુરુષો પાછા હઠે છે એમ જયંતી કહે છે. ‘‘

તેમ છતાં જાતિ ભેદ એ કોઇ મોટો પ્રશ્ન નથી.’’ધી ટાઇમ્સ ઓફ ઇન્ડીયા ‘‘ માં જુનિયર મદદનીસ તંત્રીપદે શકીના યુસુફખાન પોતાની સેવાઓ આપે છે.અમારી સાથે અહીયા સ્ત્રી તરીકે નહી પરંતુ પત્રકાર તરીકેનો વ્યવહાર રાખવામાં આવે છે.તેથી એકબીજા સાથે બીજજરુરી છુટછાટ લેવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.અહીંયા કોઇની પણ પ્રગતિના આડે જાતિભેદ આવતો જ નથી.એમ શકીના ખાન કહે છે.

- રાના અફરોઝ સિદિક્કી,

-બિન્ની યાદવ સૌ. ગુજરાત જર્નલ

## જાણવા જેવું !

ઉત્તર ધ્રુવ પર ૧૮૬ દિવસ સુર્યને જોઇ શકાતો નથી.

રાષ્ટ્રભાષા અંગ્રેજી ન હોય તેવા દેશોની યાદીમાં અંગ્રેજી ભાષા સૌથી વધુ ઉપયોગ ભારતમાં થાય છે.

શુન્યની શોધ ભારતના મહાન ગણિતશાસ્ત્રી આર્યભટ્ટે કરી હતી.

ચરકને વિશ્વના સૌથી મહાન વૈદ્ય માનવામાં આવે છે.તેમના દ્વારા લિખિત ગ્રંથ ચરકસંહિતાને વિશ્વના બહોળા દેશોમાં અનુસરવામાં આવે છે.આધુનિક ચિકિત્સાશાસ્ત્રના પાયા આયુર્વેદમાં રહેલા છે.



## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.